દૂધ લેવું હોય તો લો, બાકી સર્વિસ ચાર્જ તો ચૂકવવો જ પડશે

ગાંધીનગરમાં સર્વસિ ચાર્જના નામે મધુર દૂધના અનેક વિતરકો દ્વારા ગ્રાહકો પાસેથી એમઆરપી કરતા વધુ નાણાં પડાવાય છે : સે-૨માં મેઈન શોપીંગ સેન્ટરમાં દૂધના વિતરકની ગ્રાહકો સાથે ઉધ્ધતાઈ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરના સે-૨માં મેઈન શોપીંગ સેન્ટરમાં મધુર ડેરીના દૂધનું વિતરણ કરતા એક વિક્રેતા દ્વારા ગ્રાહકો પાસેથી દૂધની થેલીના એમઆરપી કરતા એક રૂપિયો વધુ વસુલ કરવામાં આવે છે. આ વધારના એક રૂપિયાને તેઓ સર્વિસ ચાર્જ તરીકે ખપાવે છે અને તે નામે ગ્રાહકોને બેધડક ખંખેરી રહ્યા છે.

દૂધ એ દરેક વ્યકિત માટે રોજીંદી જરૂરિયાતની વસ્તુ છે. મોંઘવારીને કારણે દૂધના ભાવ આમ પણ આસમાને પહોંચ્યા છે જેના કારણે સામાન્ય મધ્યમ વર્ગીય અને ગરીબ જનતા પીસાઈ રહી છે. મોંઘવારીનો આ ફટકો ઓછો હોય તેમ નગરમાં કેટલાક દૂધ વિક્રેતાઓ દ્વારા 'સર્વિસ ચાર્જ'ના નામે ભોળા ગ્રાહકો પાસેથી દૂધની કિંમત કરતા વધુ નાણાં ખંખેરી લેવામાં આવે છે. મધુર ડેરી દ્વારા નગરના દરેક વિસ્તારમાં ગ્રાહકોને આસાનીથી દૂધ મળી રહે તે માટે ઠેર ઠેર વિક્રેતાઓ નિમવામાં આવ્યા છે આ વિક્રેતાઓને પણ ધંધાકીય સુરક્ષા મળી રહે તે માટે ડેરી મેનેજમેન્ટ દ્વારા એક જ વિસ્તારમાં નજીક નજીક એકથી વધુ વિક્રેતા રાખવામાં નથી આવતા. પરંતુ કેટલાક વિક્રેતાઓ દ્વારા આ વ્યવસ્થાનો ગેરલાભ પણ ઉઠાવાય છે. ગ્રાહકોને જે સર્વિસ ચાર્જના પૈસા ના આપે તો દૂધ આપવાની ચોખ્ખી ના પાડી દેવાય છે, આ સમયે સવાર સવારમાં કામ ધંધા કે ઓફિસે જવાનું મોડુ થતું હોય કે બાળકોને શાળાએ જવાનો સમય થઈ ગયો હોય છે તેથી ગ્રાહકો દૂરના વિતરક પાસે જવાને બદલે વધુ રૂપિયા ચુકવવા મજબૂર બને છે.

સે-૨ના મેઈન શોપીંગ સેન્ટરમાં આવેલ એક પાર્લરના માલિક પણ મધુર ડેરીના દૂધનું વિતરણ કાર્ય કરે છે અને એમઆરપી કરતા દર થેલીએ એક રૂપિયો વધુ વસુલે છે. જો ગ્રાહક આપવા આનાકાની કે વિરોધ કરે તો ઉદ્ધતાઈથી જવાબ આપી દે છે કે 'તમારાથી થાય તે કરી લો, તમને દૂધ નહીં મળે' એટલું જ નહી કેટલાક ગ્રાહકોના જણાવ્યા મુજબ તો આ વિતરક આસપાસના અન્ય વિતરકોને પણ આ રીતે સર્વસિ ચાર્જના નામે વધુ પૈસા પડાવવા રીતસર ઉશ્કેરે છે. ગાંધીનગરમાં આવા તો અનેક પાર્લરો અને દૂધ વિતરકો દ્વારા આ રીતે રીતસરની ઉઘાડી લૂંટ ચલાવાય છે. મધુર ડેરી દ્વારા સત્વરે આવા વિતરકો સામે પગલાં લેવાય તેવી નગરજનોમાં માંગ ઉઠવા પામી છે.

ખાડામાં ફસાયેલી કચરાની ટ્રક બહાર કાઢવા કચરો રોડ પર ઠાલવવો પડયો

ત્રણ ત્રણ જેસીબી મશીનો ટ્રકને બહાર ખેંચી ના શકતા કચરો ખાલી કરીને ખેંચવી પડી : સે-૭ના વહાણવટી માર્ગ પર ફસાયેલી કચરાની ટ્રકે કલાકો સુધી વાહનવ્યવહાર બંધ કર્યો

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા શહેરમાં કચરાના નિકાલ માટે જે વ્યવસ્થા ગોઠવવામાં આવી છે તેમાં કચરો ઉઠાવવા નાની મોટી ટ્રકોનો પણ ઉપયોગ કરવામાં આવે છે. આવી જ એક કચરાની ટ્રક સે-૭ના વહાણવટી સ્કુલ તરફના માર્ગના ખાડામાં ફસાઈ જતા તેને બહાર કાઢવા ત્રણ જેસીબી મશીનોને પણ આ ટ્રકને બહાર કાઢવામાં મુશ્કેલી નડતાં આ ટ્રકમાં ભરેલો કચરો પણ બહાર રોડ પર ઠાલવવો પડયો હતો.

સે-૭માં વહાણવટી સ્કૂલ તરફ જતા માર્ગ પર મનપા દ્વારા નાની નાની ગાડીઓમાં એકત્ર કરાયેલો કચરો મોટી ટ્રકમાં ઠાલવવા માટે એક વ્યવસ્થા ઉભી કરાઈ છે. આ વ્યવસ્થા મુજબ રોડ નજીક એક ઢાળ પડતો ખાડો બનાવાયો છે જેમાં મોટી ટ્રક રીવર્સમાં અંદર ઉતરે પછી આજુબાજુમાં ઉપરના ભાગેથી નાની ગાડીઓ તેમનો કચરો તેમાં ઠાલવી દે છે. આજે આ ખાડામાં કચરો લઈને પાછી રોડ પર ચઢી રહેલી ટ્રક અડધી ખાડામાં અને અડધી રોડ પર જ ફસાઈ જવા પામી હતી. આ ટ્રકને બહાર ખેંચવા માટે એક પછી એક ત્રણ જેસીબી મશીન કામે લગાડયા હતા પરંતુ ફુલ લોડેડ ટ્રક બહાર ના આવી શકતા છેવટે ટ્રકમાં ભરેલો કચરો બહાર રોડ પર ઠાલવવો પડયો હતો. કચરો બહાર કાઢયા પછી જ આ ટ્રકને ખાડાની બહાર ખેંચી શકાઈ હતી.

જો કે આ પ્રક્રિયા પત્યા પછી ફરીથી જેસીબી મશીનો દ્વારા રોડ પર ઠલવાયેલા કચરાને ટ્રકમાં ભરવામાં આવ્યો હતો. આ આખા બનાવને કારણે આ રસ્તો કલાકો સુધી બંધ થઈ જતા રહેણાંક વિસ્તારના વાહનચાલકોને પણ ભારે પરેશાની ભોગવવી પડી હતી.



ચિલોડાના અવાવરૂ કુવામાં પડેલી ભેંસને ક્રેઈન વડે બહાર કઢાઈ

ચિલોડા ગામના ઈસનપુર માર્ગ નજીક ઉમિયાનગર સોસાયટી પાસે આવેલ એક અવાવરૂ કુવામાં રાત્રે ખીલેથી છુટી પડી ગયેલી એક ભેંસ પડી ગઈ હતી. આ ભેંસને બહાર કાઢવા ગામના બે સાહસિક યુવાનો પરેશ પટેલ અન રોહિત પટેલે ક્રેઈન બોલાવી પોતે કુવામાં ઉતર્યા અને ભેંસને પટ્ટાથી બાંધી બહાર કાઢી હતી તેમના આ સાહસને ભેંસ માલિક રણછોડભાઈ સહિત ગ્રામજનોએ ઉત્સાહથી વધાવ્યું હતું.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

સતત ચાર દિવસની વરસાદી હેલીથી સુરજદાદાના દર્શન દુર્લભ બન્યા

વાતાવરણમાં ભારે ભેજ પ્રસર્યો, રોજીંદા કપડાં ન સુકાતાં લોકોની મુશ્કેલી વધી

ગાંધીનગર, તા.૧૧

મેઘરાજાની સતત ચાર દિવસની ભારે અને ધમાકેદાર ઈનિંગથી સર્વત્ર પાણી પાણી થઈ ગયું છે. દરમિયાન સુરજ પણ ન નીકળતા વાતાવરણમાં ભેજનું પ્રમાણ ખુબ જ વધી ગયું છે. જેથી રોજીંદા કાર્યોમાં લોકોને પારાવાર મુશ્કેલીઓ પડી રહી છે. કપડાં ન સુકાવા, બહાર નીકળવું, ભોજનમાં હવા લાગી જવી જેવા અનેક પ્રશ્નો દૈનિક ઉભા થઈ રહ્યા છે. માટે એકાદ દિવસ તાપ નીકળે તેવી સૌ કોઈ અપેક્ષા રાખી રહ્યું છે.

રાજયભરમાં વરસાદની સતત ચાર દિવસની હેલીથી જનજીવન અસ્ત વ્યસ્ત બની ગયું છે. સુરજ પણ ચાર દિવસથી દેખા ન દેતાં વાતાવરણ ભેજમય બની ગયું છે. સર્વત્ર વરસાદથી સામાજીક કાર્યો સહિતના રોજીંદા કામોમાં પણ લોકોને તકલીફો વેઠવી પડી રહી છે. જેમાં સૌથી વધુ અસરો ઘરના દૈનિક કાર્યો ઉપર પડી છે અને ગૃહિણીઓ આકુળ વ્યાકુળ બની ગઈ છે.

રોજીંદા પહેરવાના વસ્ત્રો સહિતના અન્ય કપડાં, ભોજન સામગ્રી, વાસણ ધોવાં, કપડાં ધોવા તથા બીજા કોઈ કામસર બહાર જવું વગેરે કામોમાં ભારે મુશ્કેલીઓ નડી રહી છે. તેમજ નાના બાળકોને દૈનિક શાળાએ મોકલતાં પહેલાં તૈયારીમાં નાસ્તો એ મહત્વની મુંઝવણ બની છે. વધુમાં તાપના અભાવે કપડાં ન સુકાતાં ઘરમાં પંખા નીચે મુકીને કપડાં સુકવવા માટે પ્રયત્નો કરાય છે. બહાર પડી રહેતી અન્ય ચીજવસ્તુઓ પણ વરસાદમાં પલડી જવાની ભીતીએ ઘરમાં મુકી દેવાથી સંકડામણની પણ પળોજણ રહે છે.

આમ સતત વરસાદની હેલી એ દૈનિકજીવનમાં અનેક અચડણો પેદા કરી રહેણી કહેણીમાં ફેરફાર લાવી દીધો છે. વધુમાં તાપ ન નીકળતાં વાતાવરણ એકદમ ઠંડુ થઈ જતાં ઠંડી અને ગરમી સાથે બફારાનો પણ અહેસાસ થઈ રહ્યો છે. મેઘરાજાની મહેરથી સર્વત્ર હરિયાળી છવાઈ ગઈ છે પરંતુ સાથો સાથ માનવની રોજીંદી પ્રક્રિયાઓને માઠી અસરો પહોંચી છે.

ગાંધીનગર જિલ્લા માહિતી કચેરી દ્વારા કારકિર્દી આયોજન સપ્તાહનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૧

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, જિલ્લા માહિતી કચેરી અને રોજગાર કચેરી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે કારકિર્દી આયોજન સપ્તાહનું આયોજન તા. ૧૧ થી ૧૬ સપ્ટેમ્બર, ૨૦૧૪ દરમ્યાન કરવામાં આવ્યું છે. આજરોજ આ કારકિર્દી આયોજન સપ્તાહનો ઉદ્દઘાટન સમારંભ સ્વામી વિવેકાનંદ હાઈસ્કુલ, સેકટર-૧૨, ગાંધીનગર ખાતે યોજાયો હતો.

આ -સંગે અમદાવાદના વ્યવસાય માર્ગદર્શન અધિકારી શ્રી સુધાબેન ડોડાએ જણાવ્યું હતું કે, ધોરણ-૧૦ પાસ કર્યા પછી જિંદગીની કારકિર્દીનો માર્ગ નક્કી કરવો જરૂરી છે. માર્ગ નક્કી ન થાય તો જિંદગી દિશાહિન બની રહે છે. તેનો ખ્યાલ અમુક વર્ષ પછી વ્યક્તિને આવે છે. કોઈ ધોરણમાં નાપાસ થવાથી કે ઓછા ટકા આવવાથી આપણે આપણા લક્ષ્ય સુધી પહોંચી ન શકીએ તેવું નથી, પણ ત્યાં સુધી પહોંચવા પોતાની મહેનત ખૂબ જ જરૂરી છે. તે ઉપરાંત તેમણે ધોરણ-૧૦, ૧૨ અને ગ્રેજયુએટ પછીના વિવિધ અભ્યાસક્રમોની વિસ્તૃત માહિતી આપી હતી.

એલ.આઈ.સીના શ્રી મનોજ પાત્રાએ જણાવ્યું હતું કે, આપના જીવનની સુર્વણ કારકિર્દી માટે અથાગ મહેનત ખૂબ જરૂરી છે. આપણે નાના હોઈએ છીએ ત્યારે આપણ જીવનમાં શું બનવું છે, તે લક્ષ્ય જયારે મોટા થઈ છીએ ત્યારે બદલાઈ જાય છે. તેમણે ઉપસ્થિત સર્વેને ૨૧મી સદી સાથે કદમ મિલાવવા માટે અંગ્રેજી ભાષાનું મહત્વ સમજાવ્યું હતું. અંગ્રેજી સરળ ભાષા છે, તેવું કહી તેને કેમ શીખવી તેની સમજ સર્વેને આપી હતી.

જિલ્લા નાયબ માહિતી નિયામક શ્રી -જ્ઞાબેન પટેલે જણાવ્યું હતું કે, વિદ્યાર્થીકાળ દરમ્યાન રસ, રૂચિ અનુસાર અભ્યાસ નક્કી કરવામાં આવે તો તમે તમારા જીવનમાં નક્કી કરેલા લક્ષ્ય સુધી સરળતાથી પહોંચી શકો છો. આજના સ્પર્ધાત્મક યુગમાં લક્ષ્ય સુધી પહોંચવા માટે સામે આવતી તમામ સમસ્યાઓ સાથે આપે આત્માવિશ્વાસ સાથે લડવું પડશે. જીવનમાં નિષ્ફળતા બાદ સફળતા અવશ્ય મળે છે, તેવું કહી સર્વેને નિષ્ફળતાથી નારાજ ન થઈ લક્ષ્ય સુધી પહોંચવા કયાં મહેનત ઓછી પડી છે, તેનું મંથન કરીને મહેનત કરવા ભારપુર્વક જણાવ્યું હતું.

કાર્યક્રમના આરંભે જિલ્લા રોજગાર અધિકારી શ્રી વી.એસ.પાંડોરે કાર્યક્રમ વિશેની માહિતી આપી મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જુનિયર રોજગાર અધિકારી શ્રી આઈ.આર.મલેકે કર્યું હતું. આભારવિદ્યી સ્વામી વિવેકાનંદ હાઈસ્કૂલના આચાર્ય શ્રી આર.કે. ત્રિવેદીએ કરી હતી.

થિંક આઉટ ઑફ ધ બોક્ષ જેસીઆઈ વિકમાં યંગસ્ટર્સ માટે નવી દિશાઓ ખોલી

ગાંધીનગર, તા. ૧૧

કડી સર્વ વિદ્યાલયના નાથીબા હોલમાં એસ.કે. પટેલ મેનેજમેન્ટના સ્ટુડન્ટસ અને અન્ય વિદ્યાર્થીઓ સાથે લગભગ ૧૨૦૦ વિદ્યાર્થીઓથી હોલ ખિચોખિચ ભરેલો હતો. વિષય હતો 'થિંક આઉટ ઑફ ધ બોક્ષ' અને પ્રોજેક્ટ લઈને આવ્યા જેસીઆઈ ગાંધીનગરના ડાયનામિક પ્રમુખ સાત્વિક ત્રિવેદી.

'તમે કુવામાંના દેડકા ના બનો' દુનિયા વિશાળ છે અને વિષય પણ અનેક છે. નવું વિચારે, ઈનોવેટીવ વિચારો અને ખંતપૂર્વક લાગી પડો તો અઢળક તકો આપણી આસપાસ જ પડેલી છે. એવી મોટિવેશનલ વાતો દિવ્ય ભાસ્કરના શૈલેન્દ્ર વાઘેલા, 'ચાઈ-વાઈ' ના દેવેન્દ્ર ખુમાન, જેસીઆઈ ઝોન પ્રેસિડેન્ટ અશ્વિન ચંદારાણા અને એસ.કે. પટેલના યુવા તરવરાટભર્યા ડાયરેક્ટર ભાવિન પંડ્યાએ કરી હતી.

આ પ્રોજેક્ટના ચેરમેન તરીકે જીગર રાણા હતા. જેમણે સરસ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. જેસીઆઈ મંત્રી કેતન ભાવસાર અને નિકુંજ શુકલા તેમજ એસ.કે. પટેલ કોલેજના સોનુ ગુપ્તાએ આ સમગ્ર કાર્યક્રમનું અત્યંત સુંદરસજાવટ સંચાલનથી પાર પાડ્યો હતો. કાર્યક્રમમાં સંજય નાયી, બિનીશ નાયર, વિરલ શાહ, ભૂમિકા નિર્મલ, હેતલ શાહ, મિતાલી ત્રિવેદી, લતા શુકલા, ફાલ્ગુની ભાવસાર અને મેનેજમેન્ટની ફેકલ્ટીઓએ રસપૂર્વક સંપૂર્ણ કાર્યક્રમ સફળતાથી સંપન્ન કર્યો હતો. મોટીવેશનલ સ્પિચ સાંભળવા આટલી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર હોય એવો આ વિશેષ કાર્યક્રમ બન્યો જે માટે ટીમ જેસીઆઈ અને એસ.કે. પટેલની ખંતીલી ટીમ અભિનંદનને પાત્ર છે.

અસ્થિ વિસર્જન પ્રાર્થનામાં જોડાવા અપીલ કરાઈ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર મુકિત ધામ ખાતે તા. ૧૪ જૂનથી તા. ૧૨ સપ્ટેમ્બર સુધી અગ્નિ સંસ્કાર કરવામાં આવેલ દિવંગત આત્માઓની અસ્થિ વિસર્જન કરવામાં આવશે ત્યારે દિવંગત આત્માઓની શાંતિ માટે તા. ૧૩ સપ્ટેમ્બર સવારે ૯.૧૫ કલાકે મુકિતધામ ગાંધીનગર ખાતે પ્રાર્થના સભા કરવામાં આવશે. આ સમયે દિવંગત આત્માઓના સ્વજનોએ આ કાર્યક્રમમાં જોડાઈ શ્રધ્ધાંજલિ અર્પણ કરવા ઉપસ્થિત રહેવા જણાવવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે અસ્થિ વિસર્જન સેવાનું કામ ૧૯૯૬ થી ગાંધીનગર શહેર વસાહત મંડળ દ્વારા કરવામાં આવે છે.

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદના સફાઈની કામગીરી અંગે અભિનંદન

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની રજુઆત પછી ડોર ટુ ડોર કચરો લઈ જવાની કામગીરી, નિયમીતતા સમયસર થઈ રહી છે. તે ખરેખર પ્રસંશાને પાત્ર છે. તે માટે ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદે મનપાને તથા અધિકારીશ્રીઓ, કર્મચારીઓને અભિનંદન પાઠવેલ છે.

ગજાનન સેવા સમિતિ દ્વારા મેઘરજ તાલુકામાં સેવાકીય કાર્ય કરવામાં આવ્યું હતું . સંસ્થા દ્વારા ઈસરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં સગર્ભા મહિલાઓને શકિતની દવા, પોષણ ક્ષમ ખજૂરનો આહાર આપવામાં આવ્યો હતો. તેમજ ખાદ્ય પદાર્થનું દાન કરવામાં આવ્યું હતું.

ચિરવિદાય

- સ્વ. રાકેશજી ધૂળાજી ઠાકોર (ઉ.વ.૨૬) મુ. ફતેપુરા, નારીગૃહ, તા.જી. ગાંધીનગર
- કિરણબેન ધનાજી ઠાકોર (ઉ.વ.૨૫) મુ. બાસણ, તા.જી. ગાંધીનગર.
- સ્વ. મંગળદાસ ઉમેદદાસ પટેલ (ઉ.વ.૯૮) મુ. પો. ભોયણ રાઠોડ, તા.જી. ગાંધીનગર
- સ્વ. બબુબેન લક્ષ્મણજી ઠાકોર (ઉ.વ.૮૦) મુ. લીંબોદરા તા. માણસા, જી. ગાંધીનગર
- સ્વ. રેણુકાબેન રાકેશપુરી ગોસ્વામી (ઉ.વ.૩૦) મુ. પો. આજોલ, તા. માણસા, જી. ગાંધીનગર
- સ્વ. પ્રહલાદભાઈ તખાભાઈ પનારા (ઉ.વ.૩૩) ગામ-ધોળાકુવા, તા.જી. ગાંધીનગર
- બળદેવભાઈ પશાભાઈ વાઘેલા (ઉ.વ.૪૦) મુ. પો. પુંધરા, તા. માણસા, જી. ગાંધીનગર
- સ્વ. અશ્વિનભાઈ પ્રહલાદભાઈ ત્રિવેદી (ઉ.વ.૬૪) સમર્પણ સ્કૂલ, મુંગા-બહેરા શાળા, સેક્ટર-૨૮, ગાંધીનગર

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૫
સૂર્યાસ્ત : ૬.૪૫

તાપમાન

મહત્તમ : ૨૭.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૪.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૧૦૦ ટકા ● સાંજે ૯૬ ટકા
વરસાદ : ૧૮ મી.મી.

મનોરંજન

સીટી પલ્સ

: સ્ક્રીન-૨ :
ફાઈન્ડીંગ ફેની : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :
ક્રિએચર (૩ડી)(અંગ્રેજી) : ૧૨.૧૫, ૩.૦૦, ૭.૪૫
ફાઈન્ડીંગ ફેની (અંગ્રેજી) : ૫.૪૫, ૧૦.૧૫

સ્ક્રીન-૪ :
ફાઈન્ડીંગ ફેની : ૧૦.૦૦
મર્દાની : ૧.૦૦
બે યાર (ગુજરાતી) : ૪.૦૦
પાવર (તેલુગુ) : ૭.૦૦
મેરી કોર્મ : ૯.૪૫

: સ્ક્રીન-૫ :
ક્રિએચર (૨ડી) : ૧૦.૦૦
મેરી કોમ : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫
ફાઈન્ડીંગ ફેની : ૧૦.૦૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૨ :
ક્રિએચર : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

સ્ક્રીન-૩ :
મેરી કોમ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

સિનેમેક્સ

: સ્ક્રીન-૧ :
ક્રિએચર (૩ડી) : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :
ફાઈન્ડીંગ ફેની : ૧૦.૧૫, ૧૨.૪૫, ૩.૧૫, ૫.૪૫, ૮.૧૫, ૧૦.૪૫

સ્ક્રીન-૩ :
ફાઈન્ડીંગ ફેની : ૮.૪૫, ૧૦.૧૫, ૪.૩૦, ૯.૪૫
મેરી કોમ : ૧.૪૫, ૭.૦૦

સ્ક્રીન-૪ :
મેરી કોમ : ૧૦.૩૦, ૪.૧૫, ૧૦.૦૫
રાજા નટવરલાલ : ૧.૧૫
બે યાર (ગુજરાતી) : ૭.૦૦

આપની આજ

મેષ : કુટુંબમાં કોઈ સભ્યની ઉન્નતિથી સામાજિક સમ્માન વધશે. નવા સંબંધ બનશે. માનસિક શાંતિ જાળવી રાખવી. સફળ યાત્રાનો યોગ બની રહ્યો છે.

વૃષભ : નવા પ્રસ્તાવ પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સુખમાં વૃદ્ધિ થશે. વ્યાપાર- વ્યવસાય પર ધ્યાન આપશો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે. ધર્મ આધ્યાત્મ સંબંધી ચિંતનનો યોગ. ધાર્મિક કાર્યો માટે વિશેષ યાત્રા પ્રવાસ થશે.

મિથુન : આળસ, પ્રમાદથી દૂર રહીને કાર્ય કરો. વિદ્યાર્થીઓને શિક્ષાના ક્ષેત્રમાં મહત્વપૂર્ણ ઉપલ્બિ મળી શકશે. ઋણ સંબંધી કાર્યોમાં સંય રાખવું. તમારા વ્યવહારને સંયમિત રાખીને કાર્ય કરવું. કૌટુંબિક ઉન્નતિ થશે.

કર્ક : મિત્રોનો પૂર્ણ સહયોગ તમને મળી શકશે. વ્યાપાર- વ્યવસાય સારું ચાલશે. ખર્ચના અનુપાતમાં આવક પણ થતી રહેશે. નવા આર્થિક સ્ત્રોત પર કાર્ય થશે. વિવાદિત નિર્ણય પક્ષમાં આવી શકે છે.

સિંહ : નવી યોજનાઓ બનશે જેનો લાભ ભવિષ્યમાં પ્રાપ્ત થઈ શકે છે. આર્થિકક્ષેત્રે વિશેષ યાત્રાઓ થશે. ધૈર્યથી વ્યાપારિક કાર્યોને પૂર્ણ કરો નવા કાર્યોથી દૂર રહો. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા પાપ્તિનો યોગ.

કન્યા : સામાજિક કાર્યોમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિના કાર્ય થશે. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબિક સુખનો અભાવ રહેશે. મનોરંજન, સંતાન સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થશે.

તુલા : સામાજિક કાર્યોમાં સમય પસાર થશે. ઋતુ અનુસાર ખાનપાન કરવું. શુભ સંદેશ તમને નવી ચેતના આપશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિવર્તનનો યોગ બની રહ્યો છે. ધર્મ સંબંધી કાર્યોમાં સમય પસાર થશે.

વૃશ્ચિક : કોઈ કાર્યમાં મળેલી સફળતા મહત્વપૂર્ણ હિતકારક બનશે. વ્યાપાર અથવા આજીવિકાના ક્ષેત્રમાં તમારું મહત્વ અને વિશ્વાસ વધશે. શુભ માંગલિક કાર્યનો યોગ બનશે. પૈતૃક આર્થિક સ્થિતિમાં લાભ થશે.

ધન : ભૌતિક સુખ- સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. પિતાથી વ્યવસાયિક મતભેદ થવાની આશંકા છે. કાર્યક્ષેત્રનો વિસ્તાર થશે. પ્રેમ સંબંધમાં સફળતા મળવાનો યોગ છે. વ્યસ્તતામાં વધારો થશે. નવીન કાર્ય કરવાની તક પણ વધશે.

મકર : આર્થિક ચિંતા દુર થતી જણાશે. વ્યવસાયક્ષેત્રે વૃદ્ધિમાં વધારો થતો જણાય. નિર્ણય લેવામાં વિલંબ ન કરવો. કાર્યની ગતિ બનાવી રાખો. શિક્ષા, સંતાન, પ્રતિસ્પર્ધાત્મક પરીક્ષા સંબંધી ભાગ્યવર્ધક યોગ બની રહ્યા છે.

કુંભ : કુટુંબના સહયોગથી દિવસ ઉત્સાહપૂર્વક પસાર થશે. તમારા પ્રયાસોની લોક પ્રશંસા કરશે. સહયોગીઓથી લાભ મળવાની સંભાવના છે. આવકમાં વધારો થઈ શકે છે.

મીન : સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક રહેશે. વિચારો સકારાત્મકા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. કાર્યની ગતિ વધશે.